મોદી દિલ્હી જતા હવે પોલીસની કામગીરી પણ ઘટશે

સતત બંદોબસ્તમાં વ્યસ્ત રહેતી પોલીસ રૂટીન કામમાં વધુ ધ્યાન આપી શકશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે દિલ્હી જતા ગુજરાત પોલીસ અને તેમાં પણ ખાસ કરીને ગાંધીનગર પોલીસને સતત બંદોબસ્ત કામગીરીમાં વ્યસ્ત રહેવું પડતું હતું તે કામગીરીમાંથી આંશીક રાહત મળશે. મોદી ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા ધરાવતા હોવાથી તેમની સુરક્ષા માટે પોલીસે વધુ એલર્ટ રહેવું પડતું હતું. હવે મોદી દિલ્હી જતા પોલીસની કામગીરી પણ ઘટશે. મુખ્યમંત્રીના બંદોબસ્તમાં સતત વ્યસ્ત રહેતી પોલીસ હવે રૂટીન કામમાં વધુ ધ્યાન આપી શકશે તે બાબત પણ નોંધનીય છે.

રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ઝેડ પ્લસ કેટેગરી સુરક્ષા છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં જ તેમનું નિવાસ્થાન અને ઓફીસ આવેલી હોવાથી કોઈ પણ અન્ય વિસ્તારમાં અવર-જવર દરમિયાન ગાંધીનગર પોલીસે સતત બંદોબસ્ત કામગીરી સંભાળવી પડતી હતી. મોટા ભાગની ગાંધીનગર પોલીસ બંદોબસ્ત વ્યવસ્થામાં વ્યસ્ત રહેતી હતી જેને પગલે રૂટીન કામગીરીમાં વિક્ષેપ પડે તે બાબત પણ સ્વાભાવિક છે. હવે મુખ્યમંત્રી મોદી -ધાનમંત્રીનું પદ સંભાળવા દિલ્હી જશે. મોદીને હવે એસ.પી.જી (સ્પેશિયલ -ોટેક્શન ગ્રુપ) દ્વારા લોખંડી સુરક્ષા વ્યવસ્થા મળશે અને મોદીની સલામતીની કમાન હવે એસ.પી.જી સંભાળશે. તેથી હવે ગુજરાત પોલીસ અને તેમાં પણ ખાસ ગાંધીનગર પોલીસની કામગીરી હળવી થશે. નવા મુખ્યમંત્રી કોઈ પણ આવશે પરંતુ તેમણે ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા નહિ હોય. તેથી આ કામગીરી હળવી થતા અન્ય રૂટીન તમામ કામગીરી માટે પુરતો સમય પોલીસ નીકાળી શકશે. જેના પરિણામે પોલીસ વધુ અસરકારક કામગીરી કરી શકશે.

નમો ઈફેક્ટ : ચા વાળાએ પીરસી મફત ચા તો મોબાઈલવાળાએ ફ્રીમાં સ્ક્રીનગાર્ડ લગાવ્યા

ગાંધીનગર, તા. ૧૭

દેશ આખો મોદીમય થઈ ગયો છે જેમાં નાના-મધ્યમવર્ગના લોકો પણ નરેન્દ્ર મોદી તરફ ખૂબ જ આકર્ષાયા છે. સેક્ટર-૨૧માં એક ચા વાળાએ પરિણામના દિવસે મોદીના વિજયથી ઉત્સાહિત થઈને મફત લોકોને મફત 'ચા' પીરવડાવી હતી તો એક મોબાઈલની દુકાનવાળાએ ત્રણ દિવસ સુધી મફત સ્ક્રીનગાર્ડ લગાડી આપવાની જાહેરાત કરી છે.

નરેન્દ્ર મોદીએ છેક છેવાડાના પછાત મજૂરવર્ગથી લઈને ધનાઢ્ય કોર્પોરેટ્સ સુધી તમામને એવુ ઘેલુ લગાડ્યું છે કે વાત ના પૂછો. એક સમયે જે ભાજપ માત્ર સવર્ણો અને પૈસાદાર લોકોનો પક્ષ કહેવાતો હતો તે આજે દરેક વર્ગનો પ્રિય થઈ ગયો છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટે લોકોએ બાધા-આખડીઓ રાખી, ઉપવાસો કર્યા અને કેટલાકે શક્ય હોય ત્યાં સ્વયંસેવક તરીકે સેવાઓ પણ આપી હતી. ગાંધીનગરમાં પણ સેક્ટર-૨૧ના ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં આવેલ ચામુંડા ટી સ્ટોલના માલિકે પરિણામના દિવસે તેમની કિટલી પરથી તમામ લોકોને મફત ચા પીવડાવી પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. નરેન્દ્ર મોદીએ પોતાને ચા વાળા તરીકેની ઓળખ થકી શ્રમજીવી વર્ગમાં પણ પોતાનું આગવું સ્થાન ઉભુ કરવામાં સફળતા મેળવી છે. તેમાં પણ ખાસ કરીને ચા વેચવાવાળા અને ચા પીવા વાળા લોકોમાં તેની ધારી અસર ઉભી થઈ છે. આમ પણ ચાની કિટલી લોકોને માટે મિત્ર-મિલન ઉપરાંત દિવસભરની નવાજૂની ચર્ચવાનું પ્રિય સ્થળ ગણાય છે. ત્યારે આ સમયે ચા વાળાનો ઉત્સાહ અસ્થાને નથી.

આ ઉપરાંત આજ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં એક મોબાઈલ રીપેરીંગ અને એસેસરીઝ વેચતા એક નાના વેપારીએ પણ સતત ત્રણ દિવસ સુધી દરેક ગ્રાહકને મોબાઈલ ફોનના સ્ક્રીનગાર્ડ મફતમાં નાંખી આપવાની જાહેરાત કરી પોતાનો ઉત્સાહ દર્શાવ્યો છે. આમ મોદીના વડાપ્રધાન બનવાની ખુશી લોકો પોતપોતાની રીતે વ્યક્ત કરી રહ્યા છે.

ભરણપોષણ ચૂકવવા આદેશ થતાં જ આરોપીએ કોર્ટ રૂમમાં ધમાલ મચાવી

હું ભરણપોષણ નહિં આપું કહીને પત્નીના સગાને ગાળાગાળી કરી હંગામો કરતા પોલીસ બોલાવવી પડી

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદના ગોમતીપુર વિસ્તારની એક મહિલાએ તેણીના પતિ સામે કરેલા ભરણપોષણના કેસનો ગઈ કાલે ગાંધીનગરની ફેમીલી કોર્ટમાં ચુકાદો હતો. ભરણપોષણ આપતાના કોર્ટે આદેશ કરતાની સાથે જ આરોપી પતિએ ઉશ્કેરાઈ જઈને પત્નીના સગા સાથે ગાળાગાળી કરી કોર્ટ રૂમમાં જ ધમાલ મચાવી મૂકી હતી. કોર્ટ રૂમમાં જ હંગામો કરી મુકનાર આ શખ્સને કાબુમાં લાવવા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. પોલીસે વિષ્ણુભાઈ પટેલની ફરિયાદને આધારે તેની સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતી પરિણીતાએ તેણીના પતિ મનુભાઈ જીવણભાઈ મકવાણા સામે ભરણપોષણ મેળવવા માટેનો કેસ કર્યો હતો. આ કેસની ગઈ કાલે ગાંધીનગર ફેમીલી કોર્ટમાં સુનાવણી હતી. કોર્ટે પતિ મનુભાઈને તેની પત્નીને ભરણપોષણની રકમ આપવા ચુકાદો આપ્યો અને તેના પગારમાંથી રકમ વસુલ કરવા હુકમ કર્યો હતો. આ આદેશ બાદ મનુભાઈએ કોર્ટ રૂમમાં જ પગારમાંથી રકમ વસુલ કરવાનો હુકમ સાઈડ કરો, મને જેલમાં પુરવો હોય તો પૂરી દો...તેમ કહી કાયદો હાથમાં લઈ ઉશ્કેરાટભર્યું વર્તન કર્યું હતું. જજ સાહેબની કોર્ટમાં પત્નીના સગાને ધાકધમકી આપી તું -કારા થી બોલીને ગાળાગાળી શરુ કરી દીધી હતી. કોર્ટ રૂમમાં જ હંગામો ઉભો કરી દેતા તાત્કાલિક પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. પોલીસે મામલો શાંત પાડીને કુડાસણ વિસ્તારમાં રહેતા વિષ્ણુભાઈ ઉમેદભાઈ પટેલની ફરિયાદને આધારે મનુભાઈ મકવાણા સામે ગુનો દાખલ કરી કાર્યવાહી આરંભી છે.

દેશના વડાપ્રધાન બનવા જઈ રહેલા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી : કર્મચારીગણમાં ખુશીનો માહોલ

સચિવાલય સંકુલમાં વિજયોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી હવે દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાતના કર્મચારી ગણમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સચિવાલય કર્મચારી ગણના હોદ્દેદારો આજે સચિવાલય સંકુલમાં નાણામંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ઉર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલને મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રી જ્યારે વડાપ્રધાન બની રહ્યા છે ત્યારે સમગ્ર રાજ્યની અને દેશની પ્રજા ગૌરવ અનુભવી રહી છે ત્યારે સચિવાલય ગાંધીનગર અને ગુજરાતના તમામ કર્મયોગીઓમાં પણ અનેરી લાગણી અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ વેળાએ સચિવાલય સ્ટાફ એસોસિએશનના પ્રમુખ શ્રી ભવાનસિંહ પરમાર, સેક્શન ઓફિસરના એસોસિએશનના પ્રમુખ શ્રી પ્રદિપસિંહ બિહોલા તથા દોલતસિંહ વાઘેલા, શ્રી ચંદ્રેશ પટેલ ઉપસ્થિત રહી મંત્રીશ્રીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમની સાથે સચિવાલય સ્ટાફ એસોસિએશનના તમામ કર્મચારી ગણ, સચિવાલય ક્રેડિટ સોસાયટી અને સચિવાલય સહકારી કેન્ટીનના સભ્યોએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

શહેરના બાળકોના વિકાસ અર્થે ગાંધીનગર યુનિવર્સલ સંસ્થા દ્વારા સમર કેમ્પનું આયોજન

સે. ૨૮ સરકારી પ્રાથમિક શાળા નં. ૨ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં વેકેશનનો માહોલ બરોબર જામ્યો છે. વિદ્યાર્થીઓ સંપૂર્ણ રીતે વેકેશનનો સદ્‌ઉપયોગ કરે તે માટે ગાંધીનગર યુનિવર્સલ સંસ્થા દ્વારા ૧૦ દિવસીય મેગા સમર કેમ્પનું આયોજન કર્યું છે. સમરકેમ્પમાં વિદ્યાર્થીઓને જોડાવા અને વિવિધ પ્રવૃત્તિઓ કરી જ્ઞાન મેળવે તે માટે આ કેમ્પનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગરની સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ વેકેશનનો ઉપયોગ કરી વિવિધ પ્રવૃત્તિઓ શીખી જ્ઞાન મેળવે તે માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર યુનિવર્સલ સંસ્થા દ્વારા તા. ૨૦ મે થી તા. ૩૧ મે સુધી સે. ૨૮ પ્રાથમિક શાળા નં. ૨ ખાતે સવારે ૭ થી ૧૦ સુધી મેઘા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મેઘા સમર કેમ્પમાં વિદ્યાર્થીઓને યોગ, ડાન્સ, સ્કેટીંગ, રીવર ક્રોસિંગ, ક્વીઝ કોમ્પીટીશન, જીન્માસ્ટીક, પર્સનાલીટી ડેવલપમેન્ટ, ગન શુટીંગ, આર્ટ એન્ડ ક્રાફટ, રોપરાઈડીંગ, ટાર્ઝન સ્વીંગ, સીગીંગ અને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવશે. સમર કેમ્પમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાજવામાં આવશે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ જતીન દવે ૯૭૨૫૦૭૨૩૨૨ પર સંપર્ક કરવો.

આજે અસિઆની મે માસની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૭

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર્સ એન્ડ આર્કીટેક્સ સભ્યોની દર માસે મળતી માસિક બેઠક તા. ૧૮ મે, રવિવારના રોજ સવારે ૧૦.૩૦ વાગે મળશે. આ બેઠક સિનિયર સિટિજન કાઉન્સિલ કાર્યાલય નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. બેઠકમાં આસિઆના સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા મંત્રીએ જણાવ્યું છે.

આજે સે. ૩૦માં સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

પંચમ સોપાન સુંદરકાંડ પાઠ તા. ૧૮, મે-રવિવાર, રાત્રે ૮.૩૦ કલાકે સે. ૩૦ ગુજરાત હાઉસીંગ બોર્ડના હોલીકા ચોક ખાતે યોજાશે. આ સુંદરકાંડ પાઠમાં શહેરની ધાર્મિક જનતાને દર્શનનો લાભ લેવા સુંદરકાંડ પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

વધતી ગરમીથી નાગરિકો ભારે પરેશાન : રોગ ફેલાયા

માથું ફાડી નાખતી ગરમીથી શહેરમાં ડીહાઈડ્રેશનની સાથે ઝાડા-ઉલટીના કેસોમાં વધારો : શહેરમાં તાપમાન ૩૯.૮

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજુ યથાવત રહ્યું છે. નીચલી સપાટીએ પ્રદેશ ઉપર પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ પવન ફુંકાઈ રહ્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, વરસાદી ઝાપટા પણ પડી શકે છે. ગુજરાતમાં પણ કેટલીક જગ્યાઓએ વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે.

તાપમાનમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં ૩૯.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. છેલ્લા ચાર દિવસતી શહેરમાં સુરજદાદા કોપાયમાન થયા હોય તેવું દેખાઈ આવે છે. ગરમીનો પારો વધીને ૪૦ ડિગ્રી પાર કરી જતાં શહેરીજનો હેરાન-પરેશાન થઈ ગયા છે.

માથું ફાડી નાખતી ગરમીથી શહેરમાં ડીહાઈડ્રેશનની સાથે ઝાડા-ઉલ્ટીના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગરમીનો પારો વધવાની સાથે વધવાની સાથે આગામી દિવસોમાં ડીહાઈડ્રેશન સાથે ઝાડા-ઉલ્ટીના કેસોમાં વદારો થવાની સંભાવના હોવાથી શહેરીજનોએ વધુ તકેદારી રાખવી જોઈએ તેવું ડોક્ટરોએ જણાવ્યું છે. આ ગરમીમાં બપોરનાં સમયે ઘરની બહાર રહેતા યંગસ્ટર્સ સૌથી વધુ શિકાર બને છે તેમજ આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધવાની સાથે આ કેસ ડબલ થવાની સંભાવના છે. તેવું તેઓએ વધુમાં જણાવ્યું હતું તેમજ આ ઉપરાંત આ સમયમાં સગર્ભા મહિલાઓ, બ્લડપ્રેશર, ડાયાબીટીસ જેવા રોગથી પીડાતા લોકોએ વધુ તકેદારી રાખવાની જરૂર છે. નિષ્ણાત લોકો દ્વારા ઘણી ચેતવણી અપાઈ છે.

કોંગ્રેસે ૪ શહેર અને જિલ્લા સમિતિઓને વિખેરી નાખી

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા દ્વારા જાહેરાત : પક્ષના સંગઠનમાં નવા પ્રાણ ફૂંકવા પક્ષની નેતાગીરી સક્રિય

અમદાવાદ, તા.૧૭

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર મળેલા કારમા પરાજય બાદ આઘાતમાં સરી પડેલા કોંગ્રેસના નેતાઓ હવે ફરી કમર કસી પક્ષના સંગઠનને વધુ મજબુત તથા બળવતર બનાવવાનો નિર્ણય કર્યો છે. જેના પગલે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ આજે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની શહેર તથા જીલ્લા સમિતીઓ તેમજ જે તે શહેરને વિધાનસભા સમિતિ અને વોર્ડ સમિતિઓને વિખેરી નાખવાની જાહેરાત કરી છે. જેમાં આ શહેર અને જીલ્લા કોંગ્રેસ સમિતિઓના પ્રમુખો તેમની રાબેતા મુજબની કામગીરી ચાલુ રાખશે. અને આગામી સમયમાં જે તે શહેરના સ્થાનિક આગેવાનો સાથે પરામર્શ કરી આ શહેર જીલ્લાઓની સમિતિઓની વહેલી તકે પુનઃ રચના કરવામાં આવશે તેમ કોંગ્રેસ પક્ષની સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું બુલડોઝર ફરી વળતા કોંગ્રેસ પક્ષને મરણતોલ ફટકો પડ્યો હતો. જેમાં લોકસભાની ૨૬ પૈકી એક પણ બેઠક કોંગ્રેસને સમ ખાવા પૂરતી મળી ન હતી. જો કે ગુજરાત સહિત સાત રાજ્યોમાં કોંગ્રેસની સ્થિતિ આવી જ રહી હતી. કે જ્યાં કોંગ્રેસ તેનું ખાતુ પણ ખોલાવી શક્યું ન હતું. એટલું જ નહીં પરંતુ ગુજરાતમાં કોંગ્રેસના પવર્તતા આંતરિક વિખવાદની પણ ચૂંટણીમાં કેટલાક સ્થળોએ ફરીયાદ ઉઠી હતી. જો કે પ્રદેશ પ્રમુખે આવી કોઈ ફરીયાદ હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમ છતાં નબળા પડેલા પક્ષના સંગઠનને તથા કેટલાક શહેર, જીલ્લાઓમાં સંગઠનની પુનઃ રચના કરવા પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ તત્કાલ કાર્યવાહી હાથ ધરી છે. જેના પગલે આગામી દિવસોમાં સંગઠનમાં હજુ પણ કેટલાક દરખમ ફેરફાર કરવામાં આવશે તેવા પણ નિર્દેશો સાપડી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦
ગોડજીલા (૩-ડી અંગ્રેજી):૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫

: સ્ક્રીન-૨ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦
એમ-૩ ૧૨.૩૦
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦
ધ એક્સપોઝ : ૧૦.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫

: સ્ક્રીન-૨ :
ગોડજીલા-૩ ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫
સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫

: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫
હવાહવાઈ: ૫.૩૦

: સ્ક્રીન-૪ :
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦
ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધ એક્સપોઝ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મીડ સમર મીડનાઈટ મુંબઈ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ધ એક્સપોઝ : ૭.૦૦

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ.કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

કન્યા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

તુલા : માનસિક ત્રાસદીધી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભ થવાની સંભાવના છે.અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

વૃશ્ચિક : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

ચિરવિદાય

- સ્વ.કૈલાસબેન સંજયભાઈ ઠકકર (ઉ.વ. ૩૮) બ્લોક નં. ૩૫/૨, 'છ- ટાઈપ' સેકટર-૧૭, ગાંધીનગર.
- સ્વ.લીલાબેન રજનીકાન્ત મોદી (ઉ.વ. ૭૪) ૫- શાલ્વીક હોમ્પ,કોલવડા રોડ, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.કમળાબેન કાન્તીલાલ પટેલ (ઉ.વ. ૭૩) પ્લોટ નં ૪૯૨/૨, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ.ચંચળબેન શંકરલાલ પટેલ (ઉ.વ. ૮૦) મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ.કેશુજી રવજી ચાવડા (ઉ.વ. ૭૨) બ્લોક નં. ૫૭/૧, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.